# વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૮-૧૯

## બાગાયત ખાતુ, ગુ.રા., ગાંધીનગર

## ૨૪૦૧ – પાક કૃષિ વ્યવસ્થા

પ્રસ્તાવના-

ગુજરાતમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન બાગાયતી પાકોનો વિસ્તાર ૧૨.૪૪ લાખ હે. તથા ઉત્પાદન ૧૪૭.૦૪ લાખ મે.ટન હતું તે વર્ષ ૨૦૧૧-૧૨ ના અંતે વિસ્તાર અને ઉત્પાદન વધીને અનુક્રમે ૧૪.૮૬ લાખ હે. અને ૧૯૧.૧૬ લાખ મે. ટન થયેલ છે. બારમી પંચવર્ષીય યોજનાના અંતે વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ૧૬.૧૨ લાખ હે. અને ઉત્પાદન ૨૩૨.૪૨ લાખ મે. ટન થયેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન બાગાયતી પાકોનો વિસ્તાર ૧૭.૦૬ લાખ હે. અને ઉત્પાદન ૨૫૬.૨૨ લાખ મે.ટન થવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. રાજ્યમાં પિયત, સૂકા અને અર્ધ સૂકા વિસ્તારોમાં પણ બાગાયતી ખેતીની ખૂબ ઉત્તમ તકે રહેલી છે. બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૮-૧૯ માં ચાલુ કાર્યક્રમો અંતર્ગત રૂ. ૩૪૩૪૧.૬૫ લાખની અને નવા કાર્યક્રમો માટે રૂ. ૩૨૩૨.૦૯ લાખની બજેટ જોગવાઈ મળી કુલ રૂ. ૩૭૫૭૩.૭૪ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં નીચે મુજબના જુદા જુદા બાગાયતી કાર્યક્રમો અમલમાં મુકવામાં આવનાર છે.

1. નિર્દેશ અને વહીવટઃ-

જુદા જુદા બાગાયત વિકાસ કાર્યક્રમોના અમલ માટે ઓછામાં ઓછા કર્મચારી વર્ગ સાથે બાગાયત વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. બાગાયત પ્રવૃત્તિઓને અસરકારક બનાવવા માટે તેમજ રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓ સંગીન બનાવવા, વહીવટી અને તક્નીકી તંત્ર, હિસાબો, અંદાજપત્ર નિયમન અને સંકલન વગેરે સહિત તંત્ર વ્યવસ્થા જાળવવા માટે વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ. ૧૨૩૪.૪૬ લાખની સામે વર્ષ આખરે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં પ્લાન તથા નોન-પ્લાન મળી કુલ રૂ. ૧૪૬૬.૨૪ લાખ જોગવાઈ કરી ચાલુ બાબત સુચવેલ છે.

૨. સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ:-

રાજ્યમાં બાગાયત વિકાસ માટે વિવિધ સંકલિત વિકાસ કાર્યક્રમો જેવા કે ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, આઇ.પી.એમ./ આઇ.એન.એમ માટે પ્રોત્સાહન, જુની વાડીનું નવિનીકરણ, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, દરિયાઇ/ હવાઈ માર્ગે ફળ, શાકભાજી, મરી મસાલા, ફૂલ, બિયારણ તથા પ્લાન્ટીંગ મટીરીયલ્સને નિકાસ માટે નુરમાં સહાય, ખેડૂત શીબીર, સેમિનાર, પોલી હાઉસ/શેડનેટ ઊભા કરવા, વેલાવાળા શાક્ભાજી પાકે માટે કાચા-પાકા માંડવા બાંધવા, ટીસ્યુક્લ્ચર રોપા માટે હાર્ડનીંગ યુનિટ સ્થાપવા, કોલ્ડ સ્ટોરેજ બાંધવા, પ્લાસ્ટિક કેટસની ખરીદીનો કાર્યક્રમ વગેરે જેવા ઘટકોનો સમાવેશ ક્વામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે વાર્ષિક્ વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં ચાલુ બાબત અંતર્ગત પ્લાન હેઠળ રૂ. ૧૮૮૫૧.૯૭ લાખ તથા નોન-પ્લાન હેઠળ રૂ.૪૮૨.૪૦ લાખ મળી કુલ જોગવાઈ રૂ.૧૯૩૩૪.૩૭ સામે વર્ષ આખરે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં પ્લાન હેઠળ રૂ.૧૪૯૮૦.00 લાખ તથા નોન પ્લાન રૂ. ૪૮૭.૩૯ લાખ મળી કુલ રૂ. ૧૫૪૬૭.૩૯ લાખની જોગવાઈ ચાલુ બાબત તથા રૂ.૩૦૯૯.00 લાખ નવી બાબત મળી કુલ ૧૮૫૬૬.૩૯ લાખ સુચવેલ છે. વધુમાં ફળનર્સરી (નોન-પ્લાન) હેઠળ રૂ. ૧૬૨.૯૯ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૩. આદિજાતિ વિસ્તારમાં ( ટીએએસપી) બાગાયત વિકાસ કાર્યક્રમ:-

આ કાર્યક્રમમાં આદિજાતિ જિલ્લાઓમાં ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો તથા ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવાની પ્રવૃત્તિઓ, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકો માટે કાચાપાકા માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જ઼ેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં રૂ. ૨૮૭૦.00 લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે. આ ઉપરાંત ઇયર માર્ક પ્રોવિઝન ટીએએસપી (સ્પેસીયલ ફોર ડાંગ જિલ્લો) માટે રૂ. ૫૦.00 લાખ અને

ટી.એ.એસ.પી. ન્યુ ગુજરાત પેટર્ન માટે રૂ. ૧૬૦.૦૦ લાખની જોગવાઇ એમ કુલ મળી રૂ. ૩૦૮૦.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ આખરે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે.

વધુમાં આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૮-૧૯ માં ચાલુ કાર્યક્રમ અંતર્ગત રૂ. ૨૭૦૦.૦૦ લાખની જોગવાઈ, ઇયર માર્ક પ્રોવિઝન ટીએએસપી (સ્પેસીયલ ફોર ડાંગ જિલ્લો) માટે રૂ. ૫૦.૦૦ લાખ અને ટી.એ.એસ.પી. ન્યુ ગુજરાત પેટર્ન માટે રૂ. ૧૬૦.૦૦ લાખની જોગવાઇ એમ કુલ મળી રૂ. ૨૯૧૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૪. અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસસીએસપી) હેઠળ બાગાયત વિકાસ કાર્યક્રમ:-

આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો, ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવાની પ્રવૃત્તિઓ, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાકભાજી પાકો માટે કાચા-પાકા માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં રૂ. ૧૧૨૫.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે. જેની સામે વર્ષ આખરે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૮-૧૯ માં ચાલુ કાર્યક્રમો માટે રૂ. ૯૫૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૫. ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમની યોજના:-

ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમ કાર્યક્રમ અંતર્ગત પૂરતા પ્રમાણમાં જ્યારે શાકભાજી અને ફળો ઉપલબ્ધ થાય ત્યારે તેની જાળવણી કેવી રીતે કરવી તેનું શિક્ષણ મહિલાઓને આપવા માટે ૧૭ સામુહિક ડબ્બાબંધી અને બગીચા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. ફળ અને શાકભાજીની જાળવણીની રીતો બનાવવા માટે કેન્દ્ર પર ગ્રામીણ વિસ્તારમાં ૭ થી ૧૫ દિવસના ટૂંકા ગાળાના તાલીમ વર્ગો યોજવામાં આવે છે. મોબાઇલ તાલીમ કેન્દ્ર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને સ્વનિર્ભર કરવા માટે પણ આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં પ્લાન હેઠળ રૂ. ૧૦૦.૦૦ લાખ તથા નોન પ્લાન હેઠળ રૂ.૨૦૬.૨૩ લાખની જોગવાઈ સામે વર્ષ આખરે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં ચાલુ કાર્યક્રમ અંતર્ગત પ્લાન હેઠળ રૂ. ૧૦૦.૦૦ લાખ તથા નોન પ્લાન હેઠળ રૂ.૨૩૨.૫૩ લાખ મળી કુલ રૂ.૩૩૨.૫૩ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

૬. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના (નારિયેળી વિકાસ કાર્યક્રમ):-

નારિયેળી વિકાસ કાર્યક્રમ ૫૦ ટકા કેન્દ્રના અને ૫૦ ટકા રાજ્યના હિસ્સાની યોજના છે. આ કાર્યક્રમ માટે સને ૨૦૧૭-૧૮ માં કેન્દ્રના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની અને રાજ્યના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની જોગવાઈ તથા ૧૦૦ ટકાના કેન્દ્રના ઘટકના રૂ. ૪૪.૦૦ લાખ સુચવવામાં આવેલ છે. જેની સામે વર્ષ આખરે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે નારિયેળીનો વાવેતર વિસ્તાર વધારવો, નારિયેળી પાક નિદર્શન, સેન્દ્રિય ખાતર યુનિટ તૈયાર કરવા, નારિયેળી નર્સરી ની સ્થાપના જેવા ઘટકોનો સમાવેશ કરેલ છે. વધુમાં આ કાર્યક્રમ માટે સને ૨૦૧૮-૧૯ માં કેન્દ્રના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની અને રાજ્યના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની જોગવાઈ તથા ૧૦૦ ટકાના કેન્દ્રના રૂ. ૧૦.૫૦ લાખ સુચવવામાં આવેલ છે એમ કુલ મળી રૂ. ૩૨.૫૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

૭. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના- મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર- સામાન્ય, એસસીએસપી અને આદિજાતિ કેટેગરીના ખેડૂતો માટે (નેશનલ હોર્ટીકલ્ચર મિશન ):-

નેશનલ હોર્ટીકલ્ચર મિશનમાં બાગાયત વિકાસ માટે એમ.આઇ.ડી.એચ. હેઠળ જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જેમ કે પ્લાન્ટેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ, નર્સરી ડેવલપમેન્ટ, એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ન્યુ ગાર્ડન્સ, ક્રીએશન ઓફ વોટર રિસોર્સીંગ, પ્રોટેક્ટેડ ક્લ્ટીવેશન, આઇપીએમ /આઇએનએમ પ્રમોશન, પોસ્ટ હાર્વેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, માર્કેટીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટે નેશનલ હોર્ટીક્લ્ચર મિશન દ્વારા રૂ. ૧૬૮૦૦.૦૦ લાખની જોગવાઇ (૬૦ ટકા કેન્દ્રના અને ૪૦ ટકા રાજ્યના હિસ્સા) મુજબ સૂચવેલ છે. જે મુજબ આ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૧૭-૧૮ માં ચાલુ બાબત તરીકે (૧) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ રૂ. ૭૮૬૨.૪૦ લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૫૨૪૧.૬૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૩૧૦૪.૦૦ લાખ સામાન્ય કેટેગરી ખેડૂતો માટે (૨) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ રૂ. ૭૦૫.૬૦ લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૪૭૦.૪૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૧૭૬.૦૦ લાખ એસસીએસપી કેટેગરી ખેડૂતો માટે તેમજ (૩) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ રૂ. ૧૫૧૨.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૧૦૦૮.૦૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૨૫૨૦.૦૦ લાખ ટીએએસપી કેટેગરી ખેડૂતો માટે જોગવાઇ સામે વર્ષ આખરે પુરેપુરો ખર્ચ થવાની સંભાવના છે.

વધુમાં વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૮-૧૯ માટે નેશનલ હોર્ટીક્લ્ચર મિશન માટે ચાલુ બાબત તરીકે રૂ. ૧૩૦૦૦.૦૦ લાખની જોગવાઇ (૬૦ ટકા કેન્દ્રના અને ૪૦ ટકા રાજ્યના હિસ્સા) મુજબ સૂચવેલ છે. જે મુજબ (૧) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ રૂ. ૬૦૮૪.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૪૦૫૬.૦૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૦૧૪૦.૦૦ લાખ (સામાન્ય કેટેગરી ખેડૂતો માટે), (૨) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ રૂ. ૫૪૬.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૩૬૪.૦૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૯૧૦.૦૦ લાખ (એસસીએસપી કેટેગરી ખેડૂતો માટે) તેમજ (૩) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ રૂ. ૧૧૭૦.૦૦ લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૭૮૦.૦૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૯૫૦.૦૦ લાખ (ટીએસપી કેટેગરી ખેડૂતો માટે) ની જોગવાઇ  સુચવવામાં આવેલ છે.

૮. અંક્તિ જોગવાઈ માહિતી અને પ્રોધ્યાગીકી (આઇ.ટી.):-

માહિતી ટેકનોલોજી માટે હાર્ડવેર, કોમ્પ્યુટર સિસ્ટમ ખરીદવા, કર્મચારીઓને તાલીમ આપવા માટે, અદ્યતન માહિતી અને ટેકનોલોજી વિક્સાવવા, વેબ સાઈડ અદ્યતન કરવા જેવી બાબતો માટે સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે રૂ. ૩૫.૦૦ લાખની ઇયર માર્ક જોગવાઈ સામે વર્ષ આખરે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે તેમજ વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૨૦.૦૦ લાખની ઇયરમાર્ક જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૯. અંક્તિ જોગવાઈ વર્ક્સ (આર & બી):-

આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ. ૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે જે જોગવાઇ સામે પૂરેપૂરો ખર્ચ થવાની સંભાવના છે તેમજ આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૯૦.૩૨ લાખની નવી બાબતની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.